# મનમાં અંધારું થાય ત્યારે અક્ષરના અજવાળાની જરૂર પડે છે |
## પ્રવીણ પંડ્યા

[**'ચાણક્યની રાજનીતિ'** : લે. સ્વામી સચ્ચિદાનંદ, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, કિં. રૂ. ૧૦૦]

''હું તમને તમારા વિશ્વાસમાંથી ચળાવવા કે મારા અનુયાયી બનાવવા નથી આવ્યો, હું કોઈ ધાર્મિક સંગઠનનો પ્રતિનિધિ નથી કે કોઈ દાનની આશા રાખતો નથી. કદાચ હું જે કહીશ તે તમારી લાગણીઓ અને માન્યતાઓને દુભવશે અને કદાચ તે તમારા કાનને ઝેર સમાન લાગશે, પણ જે ધર્મ સાથે હું ગૌરવપૂર્વક જન્મ્યો હતો અને જે દેશ મને પ્રાણથી પણ અધિક વહાલો છે; તેને માટે હું મારા મનની વાત પૂર્ણ સત્યનિષ્ઠાથી મરીશ ત્યાં સુધી કહેતો રહીશ.'' – સ્વામી સચ્ચિદાનંદ

આ છે સ્વામી સચ્ચિદાનંદનું કમિટમેન્ટ. તેઓ universal truth અને scienceમાં માને છે. એમણે 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર'ની સમાપ્તિમાં મુકાયેલાં સૂત્રો પરથી 'ચાણક્યની રાજનીતિ' પુસ્તક આપ્યું છે. આ ત્રણસો બાર પૃષ્ઠનાં પુસ્તકમાં એમણે લગભગ પાંચસો બ્યાંશી સૂત્રોને આવરી લીધા છે. દરેક સૂત્ર પર યથાયોગ્ય વિસ્તાર સાથે સરળ-પ્રવાહી ભાષામાં વ્યાખ્યાત્મક ટીકા લખી છે. રૂપકો, કહેવતો અને રૂઢિપ્રયોગોથી સજ્જ ભાષા વાચકને ચિંતનના ભારનો અણસારે નથી આવવા દેતી, એવું લાગે જાણે ચાણક્ય વાચક સામે બેસીને વાત ન કરી રહ્યા હોય ! અને આવું ત્યારે જ બને જ્યારે લેખકને ચાણક્યનું ચિંતન આત્મસાત્ થયું હોય. આ એમની સહજ સિદ્ધિ છે. ચાણક્યના ચિંતનને સામાન્યજન સુધી લઈ જવાનો એમનો આ ઉપક્રમ અત્યારે એટલે પણ મૂલ્યવાન છે કેમકે ઘણાં લોકો માટે ગાંધીની જેમ ચાણક્યની છબિ પણ દીવાલની શોભા બની ગઈ છે અથવા તો પોતાની નબળાઈ ઢાંકવાનો બુરખો. તેઓ પુસ્તકની ભૂમિકામાં આ-લોકવાદી, પરલોકવાદી અને ઉભયવાદી એવી ત્રણ ધાર્મિક વિચારધારા વર્ણવ્યા પછી લખે છે :

''જે માત્ર પરલોકવાદી વિચારકો થયા છે તેમણે ધર્મ અને અધ્યાત્મના નામે આ-લોક અને આ-લોકના પ્રશ્નોની ઉપેક્ષા કરી છે. તેથી ભારત ગરીબ અને ગુલામ થયો છે. જે માત્ર આ-લોકવાદી નાસ્તિક થયા છે તેમણે વધુ પડતા ભોગવાદનો પ્રચાર કર્યો છે જેથી પ્રજા અશાન્ત અને અસ્થિર થઈ છે. પણ જે લોકો ઉભયવાદી થયા છે તેમણે પ્રજાને સારી પ્રેરણા આપી છે. આવા ઉભયવાદી ઋષિઓમાં ચાણક્ય બહુ જ મહત્ત્વના ઋષિ છે.''

સચ્ચિદાનંદજી ધર્મ-રાજનીતિ-શાસક-શાસિત-રાષ્ટ્ર-સમાજ એવાં દરેક ક્ષેત્રો વિશે પાકી સમજ ધરાવે છે એટલું જ નહીં, પણ ક્યાં સડો છે તે પણ તેઓ બતાવે છે. તેઓ માત્ર ઉભયવાદી કે સુધારાવાદી જ નથી પણ ક્રાંતિકારી છે એવો અણસાર એમની ટીકા પરથી આવે છે. કેટલાંક ઉદાહરણ જોઈએ :

**નાસ્તિ સત્યાત્ પરં તપઃ ॥ ૪૧૭ ॥**

સત્યથી મોટું તપ નથી.

આ સૂત્રને સમજાવતાં તેઓ લખે છે કે ''સત્યાચરણ કરવા માટે ધર્મવ્યવસ્થા, સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. જો ધર્મ પાખંડી, દંભી કે આડંબરી ન હોય તો સત્યાચરણ થઈ શકે છે. આવી જ રીતે સમાજવ્યવસ્થા પણ ન્યાયભરી, માનવતાભરી અને સમાનદષ્ટિભરી હોય તો સામાજિક સત્ય સરળ થઈ બને છે. જેમકે કોઈને પૂછવામાં આવે કે 'તું કઈ નાતનો છું ?' જો જવાબ આપવાનો થાય કે 'હું ભંગી છું.' તો પરિણામ ભયંકર ભોગવવાનાં થાય છે, એટલે તે સાચું બોલી શકતો નથી. જો સમાજમાં આવા ઊંચ-નીચના કાલ્પનિક ભેદ ન કરાયા હોત તો માણસને અસત્ય બોલવાની જરૂર રહેત નહિ... જ્યાં આ ત્રણે વ્યવસ્થા ખોટી હોય ત્યાં સત્યની સ્થાપના કરી શકાય નહિ... સત્યની સ્થાપના કરવામાં રાજા મહત્ત્વની ભૂમિકા ભજવતા હોય છે. અને હા, સૌથી મહત્ત્વની ભૂમિકા તો વ્યક્તિની પોતાની હોય છે.''

**શત્રોરપિ ન પાતનીયા વૃત્તિઃ ॥ ૪૫૦ ॥**

શત્રુની પણ રોજી છીનવી લેવી નહિ.

''સૌથી મોટો યજ્ઞ કોઈને રોજી અપાવવી તે છે અને સૌથી મોટું પાપ કોઈ નિર્દોષની રોજી છીનવી લેવી તે છે. જે લોકો પૂરી નિષ્ઠાથી, વફાદારીથી, કામચોરી વિના પોતાનાં કર્તવ્યો બજાવે છે તેમની રોજી છીનવી લેવાય નહિ...''

**નાસ્ત્યપિશાચમૈશ્વર્યમ્ ॥ ૩૫૩ ॥**

શોષણ કર્યા વિના મબલક ઐશ્વર્ય મળતું નથી.

''સામાન્ય રીતે પ્રાચીનકાળમાં ધનના ઢગલા કરવા માટે કોઈ પ્રકારની શોષણવૃત્તિ કામ કરતી. રાજા પ્રજાનું શોષણ કરતો. વ્યાપારીઓ ગ્રાહકોનું શોષણ કરતા. વ્યાપારીઓ ખેડૂતો તથા મજૂરોનું શોષણ કરતા. આમ, સમર્થ લોકો લાચાર લોકોનું શોષણ કરીને ઐશ્વર્ય મેળવતા.''

આ સૂત્રની ટીકામાં તેઓ શોષિતોની ક્રાંતિ, હડતાલ આદિનો ઉલ્લેખ કરી શોષણનો મુકાબલો માણસે કેવી રીતે કર્યો તે નોંધે છે અને અંતે શોષણને પિશાચી વૃત્તિ તથા શોષકને પિશાચ કહી આવા ઐશ્વર્યથી દૂર રહેવાની હિમાયત કરે છે.

**અર્થાર્થ પ્રવર્તતે લોકઃ ॥ ૫૦૨ ॥**

બધા જ ધનની પાછળ દોડી રહ્યા છે.

''સૌને પૈસો જોઈએ છે. જે લોકો મહેનત-મજૂરી કરીને પેટ ભરે છે તે પ્રામાણિક છે. જે લોકો બુદ્ધિથી વ્યાપાર-ઉદ્યોગ-નોકરી વગેરે કરીને નીતિથી ધનવાન બને છે તે પણ ધન્ય છે. પણ જે લોકો ચોરી, લૂંટ, હત્યા કે પાખંડ કરી પૈસો કમાય છે તે હીન છે, નીચ છે. તેમાં પણ જે લોકો ધર્મનું નિમિત્ત કરીને પાખંડથી લોકો પાસેથી પૈસા પડાવે છે કે ખેંચે છે તે નિંદ્ય છે...''

**આશયા બધ્યતે લોકઃ ॥૫૦૩ ॥**

લોકો આશાથી બંધાયેલા હોય છે.

આ સાદું વિધાન છે. સચ્ચિદાનંદજી એની વ્યાખ્યા કરતાં આશાના મહાન – મધ્યમ અને નીચ એવા ત્રણ પ્રકાર આ પ્રમાણે પાડે છે : ''(૧) મારો દેશ સ્વતંત્ર થશે, પ્રજા સુખી થશે – આવી આશાઓ મહાન છે. મહાન આશાઓ મહાન કાર્યો કરવા પ્રેરણા આપે છે. (૨)

મને નોકરી-ધંધો મળશે, લગ્ન થશે, સંતાન થશે વગેરે આશાઓ મધ્યમ છે. (૩) કેટલીક આશાઓ નીચ કક્ષાની હોય છે; જેમકે ફલાણાની હત્યા કરી નાખીશ, ફલાણાની આબરૂના કાંકરા કરી નાખીશ વગેરે વગેરે. આવી આશાઓ નીચ કક્ષાની હોય છે. આવી આશાઓ માણસને નીચ કાર્યો કરવાની પ્રેરણા આપે છે.''

વર્ગવિશેષ પોતપોતાનાં કારણોથી સંતો પાસે જાય છે. મોટા ભાગના નેતાઓને, રાજકીય પક્ષોને અને ધનવાનોને પોતાની વિશ્વસનીયતા ટકાવવા માટે એમની જરૂર પડતી હોય છે. પણ સામાન્ય માણસ સંતો પાસે કેમ જાય છે ? એ શા માટે એમના પગ પખાળે છે ? શું એ કોઈ મોટા સ્વાર્થની સિદ્ધિ માટે સંતો પાસે જાય છે ? ના, સામાન્ય માણસ માટે તો એનું રોજબરોજનું જીવન જ અનેક ગૂંચવાડાથી ભરેલું છે, એને તો એવી સીધી-સાદી સરળ વાતો સમજવી છે જેનાથી એનું રોજિંદું જીવન ક્લેશ વિનાનું અને સંતોષ-શાંતિ તથા પ્રેમથી ભરેલું રહે. અહીં એવાં અનેક સૂત્રો સચ્ચિદાનંદજીએ નોંધ્યાં છે જે માણસ માત્રએ ગણીને ગાંઠે બાંધવા જેવા છે. કેટલાંક નોંધવાનો મોહ છોડી શકતો નથી :

– ચુગલી કરનારને ખાનગી વાત ન કહેવી.
– પારકી ગુપ્ત વાતો સાંભળવી નહીં.
– પોતાનાં સ્વજનોનું અપમાન ન કરવું.
– અહંકારથી મોટો કોઈ શત્રુ નથી.
– અગ્નિમાં અગ્નિ ન નાખવો.
– વિષ અને અમૃતની ખાણ જીભ છે.
– વ્યવહારમાં પક્ષપાત ન કરાય.
– અશ્લીલ મજાક પણ કરવી નહીં.
– જેને પોતાનું કર્તવ્ય નથી દેખાતું તે આંધળો છે.
– ગુણોનું અભિમાન કરવું નહીં.
– વિષમાંથી પણ અમૃત ગ્રહણ કરવું.
– ક્ષુધા જેવો મોટો કોઈ શત્રુ નથી.

મોટે ભાગે આપણે આવાં સૂત્રો તરફ ધ્યાન નથી આપતા. આનાં બે કારણો છે, કાં તો આપણને ખબર છે કે આ સૂત્રોને આચરણમાં મૂકવાં કઠિન છે, અથવા આપણે પોતાની જાતને એટલી ઊંચી માનીએ છીએ કે આ સૂત્રો આપણને લાગુ નથી પડતાં. આપણે જે ન્યાય-સમતા અને શાંતિપૂર્ણ સમાજની સ્થાપના માટે મથી રહ્યા છીએ એનો પાયો જ આ સૂત્રોમાં છે, અથવા એમ કહો કે આપણને માણસમાંથી પશુ બનાવી મૂકતી સ્થિતિઓનું નિર્માણ આવાં સૂત્રોની સમજણના અભાવમાંથી પેદા થયું છે. 'વ્યવહારમાં પક્ષપાત ન કરવો' અને 'અગ્નિમાં અગ્નિ ન નાંખો.' જો આ બે સૂત્રો આપણે બરાબર રીતે અંદર ઉતારી લઈએ તો આપણા પારિવારિક જીવનમાં મહાભારત જેવી સ્થિતિ ન સર્જાય અને રાષ્ટ્રીય જીવનમાં રાજકારણીઓ જે રામાયણો સર્જે છે એનો પણ અંત આવે. ચાણક્યનાં આવાં અનેક સૂત્રો અહીં સચ્ચિદાનંદજીએ ચરિત્રનો એકડો ઘૂંટાવતા શિક્ષકની જેમ સમજાવ્યા છે. આ સરળ શિક્ષકને સાધારણ માનવાની ભૂલ કરવા જેવું નથી.

આપણે ત્યાં જ નહીં પણ દુનિયાભરમાં, મોટે ભાગે પ્રાચીન ધર્મસાહિત્ય કાં તો 'અબડમ્ ગબડમ્'ની પરંપરા પ્રમાણે લોકોને અજ્ઞાની રાખી શોષણ કરવા વપરાય છે અથવા એ વિદ્વાનવર્ગ પૂરતું સીમિત બની જાય છે જરૂર છે એને નવા અર્થઘટન સાથે બહોળા સમુદાય સુધી લઈ જવાની, અને એના દ્વારા સુદઢ-સશક્ત સમાજરચનાનો પાયો નાખવાની. પણ, આવું કામ કરવા માટે તો ટીકાકારે સમાજના તાણાવાણા ઉકેલવા પડે, રાજનીતિના આટાપાટા અને સમાજના દંભને ચીરવા પડે. આવો કઠોર સંકલ્પ સ્વામીજીના લેખનમાં સહુ કોઈ જોઈ શકશે. વિશાળ વાચકવર્ગ માટે અહીં સ્વામીજી ચાણાક્યનાં સૂત્રોમાંથી આજના સમયમાં કામ લાગે એવો ચોક્કસ અર્થ તારવી આપે છે, એટલું જ નહીં પણ એને રાષ્ટ્ર અને વ્યક્તિના વિકાસ સાથે જોડી આપે છે. ધર્મના ક્ષેત્રમાંથી આવતી વ્યક્તિમાં રૂઢિચુસ્તતા અચૂક જોવા મળે. એને સુદઢ કરે એવા વિચારો માત્ર પ્રાચીન નહીં પણ સમકાલીન સાહિત્યમાંથી પણ મળી શકે. અહીં એવાં કેટલાંક સૂત્ર ધ્યાન ખેંચે છે જેનો વાચ્યાર્થ લઈએ તો એ અત્યંત રૂઢિચુસ્ત લાગે, પણ સચ્ચિદાનંદજી સાધુ હોવા છતાં એવાં સૂત્રોનાં બીજાં પાસાંને પણ સ્પર્શે છે. સ્ત્રીવિષયક સૂત્રોના અર્થઘટનમાં થોડા ઉદાર બને છે :

**સ્ત્રી નામ સર્વાશુભાનાં ક્ષેત્રમ્ ॥ ૪૭૭ ॥**

બધાં અશુભોનું ક્ષેત્ર સ્ત્રી છે.

આરંભે જ આ સૂત્રની ટીકામાં તેઓ લખે છે, ''સ્ત્રી સંબંધી ચાણક્યના અનુભવો અને તેમાંથી પ્રકટેલા સિદ્ધાંતો ગજબ છે. એ જરૂરી નથી કે બધાને આવા જ અનુભવ થયા હોય.'' આટલું નોંધ્યા પછી એમની ટીકામાં 'સ્ત્રી પુરુષને પાપ તરફ દોરે છે' જેવા અર્થઘટન આવે છે, પણ અંતે તેઓ ઉદાર થઈને કહે છે : ''બધી સ્ત્રીઓને એક ત્રાજવે ન તોળાય, પુણ્યનું પણ ક્ષેત્ર સ્ત્રી હોઈ શકે છે.''

**સ્ત્રીણાં મનઃ ક્ષણિકમ્ ॥ ૪૭૯ ॥**

સ્ત્રીઓનું મન ક્ષણક્ષણમાં બદલાતું રહે છે.

અહીં પણ પરંપરાગત સાધારણીકરણવાળા અર્થને વર્ણવ્યા પછી તેઓ આ કહેવાનું નથી ચૂકતા : ''કેટલીક સ્ત્રીઓ પ્રૌઢ અને ઠરેલ બુદ્ધિવાળી પણ હોય છે. એમનામાં દઢતા અને મક્કમતા પણ હોય છે.''

**ગુરુણાં માતા ગરીયસી ॥ ૩૬૨ ॥**

માતા સૌથી મોટો ગુરુ છે.

આ સૂત્રને વ્યાખ્યાયિત કરતાં તેઓ બહુગુરુવાદનો મહિમા કરે છે, કંઠી બંધાવવાને અને કાનમાં મંત્ર ફૂંકાવવાને અયોગ્ય કહે છે. અંતે નોંધે છે : ''વાડાબંધીથી જ્ઞાન નહિ, અજ્ઞાન વધે છે. માટે સિંહ જેવા થઈને વિચરવું, ઘેટાં થઈને વાડા ન ભરવા. પગ પૂજવા જ હોય તો માના પગ પૂજો. માતા જ પ્રથમ અને મોટો ગુરુ છે.'' હવેના સૂત્રમાં એમના અર્થઘટનમાં વેધક વ્યંગ જોવા જેવાં છે :

**સ્વર્ગસ્થાનં ન શાશ્વતં યાવત્ પુણ્યફલમ્ ॥ ૪૮૨ ॥**

સ્વર્ગનું સ્થાન કાયમી નથી. કર્મનાં – પુણ્યનાં ફળ સુધીની એની અવધિ છે.

અહીં કર્મકાંડ પર તીખો વ્યંગ છે. આ સૂત્ર બાબતે ચાણક્યનો પ્રતિવાદ પણ છે, તેઓ કહે છે કે ''સ્વર્ગમાં જુદી જુદી અનેક અપ્સરાઓની પ્રાપ્તિ થતી તથા બીજી ખાવા-પીવાની

વસ્તુઓ મળતી... યજ્ઞ તો રાજારાણી વગેરે સજોડે કરતા. પુરુષને અપ્સરાઓ મળતી, પત્નીઓનું શું થાય ? સ્વર્ગમાં પત્નીઓ માટે પુરુષ-અપ્સરાઓ તો છે નહિ એટલે સ્ત્રીઓને સ્વર્ગમાં ક્યાં સુખ મળતાં ? હાસ્યાસ્પદ લાગે છે...''

મોટા ભાગનાં સૂત્રોની ટીકામાં એમનો અભિગમ નૂતન-પરંપરાને તોડનારો, ક્યાંક એની સાથે સહમત થયા પછી અમુક મુદ્દે સંઘર્ષમાં ઊતરનારો જોવા મળે છે. પણ નીચેના સૂત્ર વિશે એમણે આપેલી ટીકા મારા મનમાં પ્રશ્ન જન્માવે છે :

**અતિલાભઃ પુત્રલાભઃ ॥ ૩૮૫ ॥**

પુત્રની પ્રાપ્તિ એ સૌથી મોટો લાભ છે.

''ધનપ્રાપ્તિ, સત્તાપ્રાપ્તિ, માનપ્રાપ્તિ વગેરે અનેક લાભો છે, પણ ચાણક્યની દૃષ્ટિએ સૌથી મોટો લાભ પુત્રપ્રાપ્તિનો છે. પુત્રપ્રાપ્તિથી વારસદારનો પ્રશ્ન ઉકેલાય છે, વૃદ્ધાવસ્થાની લાકડી મળે છે. પુત્ર વિનાનો માણસ નિરાધાર જેવો થઈ જાય છે. માટે પુત્રપ્રાપ્તિ એ મોટો લાભ છે.''

અહીં તેઓ આ પૂર્વેનાં સ્ત્રીવિષયક સૂત્રોની ટીકામાં દેખાય છે એવો થોડો ઉદાર અભિગમ નથી લેતા, કે સમયનો પક્ષ લઈ ચાણક્યનો પ્રતિવાદ પણ નથી કરતા. એમને સ્ત્રીવિરોધી માનવાની ભૂલ ન કરી શકાય, કેમકે 'મા બાળકને ચાહે તે તો તેની પ્રકૃતિ છે; પણ બાળક માને ચાહે તે સંસ્કૃતિ છે' જેવી સન્માનજનક ભૂમિકાએ તેઓ સ્ત્રીને મૂકી આપે છે, 'માતા જ પ્રથમ અને મોટો ગુરુ છે.' એવું ગૌરવભેર કહે છે તો પછી અહીં તેઓ પુરુષસત્તાત્મક સમાજની વૈશ્વિક પરંપરાગત વિચારણાને સમર્થન આપતા કેમ દેખાય છે ? ઇતિહાસમાં નોંધાયેલા મહાન વિચારકો પણ સમયના વહેણ-વળાંકો વળોટીને અહીં સુધી આવતાં આવતાં કેટલીક બાબતમાં થાપ ખાતા અને અપ્રસ્તુત બની જતા દેખાય છે, આ તથ્ય તેઓ બરાબર જાણે છે. એમણે જ આ પુસ્તકની ભૂમિકામાં આવી નોંધ 'કમ્યુનિસ્ટો' અને 'ચરખાવાદીઓ' માટે રાષ્ટ્રીય તથા માનવીય વિકાસના સંદર્ભે ઉદાહરણ સાથે કરી છે, જે એકદમ સચોટ લાગી છે. 'અતિલાભઃ પુત્રલાભઃ' – વાસ્તવિકતા આવી નથી, પુત્રપ્રાપ્તિને મોટો લાભ માની લેવાના કારણે તો સમાજની ભારે અવદશા થવા બેઠી છે. તેઓ વિજ્ઞાનયુગમાં પણ આ વિચારણાને કેમ વળગી રહ્યા હશે ? મારું એવું માનવું છે કે ધીમે ધીમે મનુષ્ય આ સમાજરચનાને બદલવા તરફ ગતિ કરી રહ્યો છે પણ એના માર્ગદર્શક એવા તમામ ધર્મ-સંપ્રદાય અને રાજકીય વિચારધારાઓનું આ વલણ એની આડેનો મોટો અવરોધ છે. ક્યારેક પુરુષસત્તાત્મક સમાજના સમર્થનમાં ઇસ્લામ અને હિંદુવાદ કેવા એક જેવા દેખાય છે ? આપણે આ બાબતને માત્ર સ્ત્રી-વિમર્શના ખાનામાં નાખીને કેમ બેઠા છીએ ?

વિદ્વાન સંતોનું એક મહત્ત્વનું કામ પ્રજાને ઘડવાનું છે તો બીજું શાસકને માર્ગદર્શન આપવાનું પણ છે. સ્વામીજી રૂઢ અર્થમાં સાધુ કે લેખક નથી પણ idiolog છે, એમની idiology પણ સ્પષ્ટ છે. સ્વામીજી આ બન્ને છેડે ચાણક્ય અને સ્વામી રામદાસની જેમ કાર્યરત થાય છે જે એમની રાજનીતિ-વિષયક સૂત્રોની ટીકામાં જોવા મળે છે. એક મહત્ત્વનું સૂત્ર અને એના પરની સ્વામીજીની ટીકા જોઈએ :

**અમિત્રવિરોધાદાત્મરક્ષામાવસેત્ ॥ ૬૧ ॥**

શત્રુ રાષ્ટ્રના ગુપ્તચરો તથા આતંકવાદીઓથી રાજાએ સાવધ રહેવું જોઈએ.

''શત્રુ બે પ્રકારના હોય છે. એક તો પ્રસંગવશ શત્રુ થયેલા હોય તે; બે, જે જન્મજાત સ્વભાવથી જ શત્રુ છે તે. પ્રથમ કક્ષાના શત્રુ બહુ ખતરનાક નથી હોતા. કોઈ કારણસર શત્રુતા થઈ હોય તે કારણને દૂર કરાય તો મિત્રતા કે સંધિ થઈ શકે છે. પણ બીજી કક્ષાનાં રાષ્ટ્રો બહુ જ ખતરનાક હોય છે. તે જન્મજાત સ્વભાવથી જ કાયમી શત્રુ હોય છે. તેમનું વલણ ક્યારેય બદલાતું નથી હોતું. આવાં રાષ્ટ્ર કદી મિત્ર થતાં નથી હોતાં, જેમકે ભારત માટે પાકિસ્તાન. વિભાજન પહેલાં પણ એમનું વલણ શત્રુતાનું હતું. વિભાજન પછી પણ તે વલણ ચાલુ જ રહ્યું છે...''

અહીં એમણે આતંકવાદી ઘટનાઓનાં ઉદાહરણો પણ આપ્યાં છે. આતંકવાદીઓની રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને પણ એમણે વર્ણવી છે. પ્રસ્તાવનામાં પણ એમણે ઇસ્લામનાં બેવડાં ધોરણ તથા તાલિબાની કટ્ટરતા વિશે ઉગ્રતાથી ચર્ચા કરી છે. મુંબઈના આતંકવાદી હુમલા પછી તો ઇસ્લામ-આતંકવાદ અને પાકિસ્તાન વિશેની એમની વિચારણા કદાચ વાચકને વધુ અર્થપૂર્ણ લાગશે, ને 'લોઢું જ લોઢાને કાપે' એ ઉપાય પણ સચોટ લાગશે. પણ અહીં બે ઘડી થોભીને આપણે એ પણ વિચારવું પડશે કે આ રસ્તો ભલે આપણને 'ઇઝરાયલી બહાદુરી' તરફ લઈ જતો હોય પણ સામાન્ય માણસનું જીવન 'ગાઝાપટ્ટી' નહીં બની જાય ! આ સૂત્રને વ્યાખ્યાયિત કરવાની એમની ભાષામાં બૌદ્ધિકતા અને ઉગ્રતા બન્ને છે :

''આવાં ગુપ્ત યુદ્ધને રોકવા કેટલાક ઉપાયો આ પ્રમાણે છે. એક, સ્થાનિક ગદ્દારો વિના બહારથી આવેલા આતંકવાદી કદી સફળ થઈ શકતા નથી હોતા. એટલે સર્વપ્રથમ સ્થાનિક ગદ્દારોને વીણીવીણીને સાફ કરવા જરૂરી છે. ગુપ્તચરો દ્વારા સ્થાનિક ગદ્દારોને શોધી શોધીને કઠોરતાથી એમનો સફાયો કરવો જોઈએ. બહારથી આવેલા આતંકવાદીઓ કરતાં પણ વધુ કઠોર સજા આ સ્થાનિક ગદ્દારોને કરવી જોઈએ...''

અહીં એમણે અઢી પૃષ્ઠમાં દેશની ખુલ્લી સીમાઓ અને આપણા સુરક્ષાકર્મીઓનાં જૂનાં હથિયારોની મર્યાદા તથા આતંકવાદીઓનાં અદ્યતન હથિયારોની ક્ષમતા અને કાયદાની કમજોરીઓ પણ સ્પષ્ટતાથી બતાવી છે જેની સાથે ભાગ્યે જ અસહમત થઈ શકાય. તેને સબળ બનાવવાના ઉપાયો પણ જણાવ્યા છે. એમણે રાષ્ટ્રની સળગતી સમસ્યાની માત્ર ચિંતા જ નથી કરી પણ એ માટેની આપણી ઢીલી નીતિની ટીકા પણ કરી છે અને કેવાં પગલાં લેવાં જોઈએ એ પણ સૂચવ્યું છે :

''જે પીળી ભમરી ડંખ દેવા આવી છે તેને જ દંડ આપીને સંતોષ ન કરવો જોઈએ. તેના મધપૂડા સુધી પહોંચીને પૂરા મધપૂડાને નષ્ટ કરવો જોઈએ, જેથી વારાફરતી નવી નવી ભમરીઓ આવતી બંધ થઈ જાય.''

સામાન્ય રીતે સાધુ-સંતો પ્રજાને ત્યાગ-વૈરાગ્ય અને સંસારની ક્ષણભંગુરતાનો ઉપદેશ આપતા હોય છે પણ સચ્ચિદાનંદજી ઐશ્વર્ય, વીરતાપૂર્ણ જીવન અને મનુષ્યતા તથા રાષ્ટ્રના ઉત્થાનનો માર્ગ ચીંધે છે. આજની લોકતાંત્રિક રાજનીતિ, નાગરિકને હતાશ-વિવશ-લાચાર અને કાયર બનાવી હાંસિયામાં ધકેલી રહી છે ત્યારે સચ્ચિદાનંદજીનું લેખન સમાજને ચેતનવંતો બનાવી નવું જોમ આપે છે, એને વિચારોનાં આયુધોથી સજ્જ કરી દુરિત સામે લડવાની પ્રેરણા આપે છે. સામાન્ય માણસના મસ્તિષ્કને અશાંત કરી મૂકતા પ્રશ્નોને અહીં વાચા મળી છે એટલું

જ નહીં, પણ એના નિરાકરણનો જબરદસ્ત પ્રયાસ પણ છે. પચાસ કરતાં વધુ પુસ્તકો વડે ગુજરાતી ભાષાના સામાન્ય વાચકના મન-મસ્તિષ્કમાં સ્થાન બનાવી ચૂકેલા સચ્ચિદાનંદજી પાસે જીવંત-રસાળ અને સરળ ભાષાની સાથે સાથે વાચકને વિશ્વાસ બેસે એવી નિખાલસતા છે. તેઓ વ્યક્તિ અને સમાજની ભીતર જામેલાં બાવાં-જાળાં હટાવી એક સ્વસ્થ-સશક્ત અને બૌદ્ધિક સમાજ રચવાના હેતુ સાથે કલમ ઉઠાવે છે. આ સમય જ શબ્દ વડે પ્રજાને સંમોહિત કરી સીમિત રાજનૈતિક સ્વાર્થ તરફ વાળવાનો છે પણ સચ્ચિદાનંદજીનો શબ્દ આવાં સંમોહનને તોડે છે. પુસ્તકને નામ ભલે 'ચાણક્યની રાજનીતિ' અપાયું છે પણ એમાં પ્રકૃતિ, સંસ્કૃતિ, રાષ્ટ્ર અને માનવજીવનનાં અનેક મહત્ત્વનાં પાસાંને સચ્ચિદાનંદજીએ ખૂબ ઊંડી નિસબત સાથે આવરી લીધાં છે. 'ચાણક્યની રાજનીતિ' નામનું આ પુસ્તક વિચારધારાકીય આભડછેટ વિના ઘરમાં એટલે પણ રાખવા જેવું છે કેમકે મનમાં અંધારું થાય ત્યારે અક્ષરનાં અજવાળાંની જરૂર પડે છે.